| | |
|---|---|
| રજૂ તારીખ : | ૧૩/૦૫/૨૦૧૬ |
| દાખલ તારીખ : | ૧૩/૦૫/૨૦૧૬ |
| નિકાલ તારીખ : | ૨૫/૦૧/૨૦૧૯ |
| અવધિ : | વર્ષ માસ દિવસ |
| | ૦૨ ૦૮ ૧૨ |

આંક :–

**ભાવનગરનાં ત્રીજા એડી. ડિસ્ટ્રિકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ**

**દીવાની કેસ નં.૯૬૦/૧૬**

વાદી : પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
તે ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ
(રી–ઓર્ગેનાઈઝેશન અને રેગ્યુલેશન)
એકટ–૨૦૦૩ હેઠળ રચાયેલ લીમીટેડ કંપની,
તેની હેડ ઓફીસ, લક્ષ્મીનગર,રાજકોટ મુકામે આવેલી છે તેની
રાજય સરકારની માલિકી અને તેની હેઠળ આવતી
પશ્ચીમ ગુજરાત વીજ કંપની લી.,
તે તેના નાયબ ઈજનેરશ્રી મારફત,
ખારગેટ સબ ડીવીઝન ઓફિસ,
ઠે.બીઝનેસ સેન્ટર, ભાવનગર.

વિરુઘ્ધ

પ્રતિવાદી : વાલજીભાઈ ધનજીભાઈ ચૌહાણ,
ઉ.વ.પુખ્ત, ધર્મે હિન્દુ,
ઠે. પોપટનગર, અગરીયાવાડ, ક.પરા,
કાનભાઈની દુકાન પાસે,
ભાવનગર.

બાબત : રૂા.૧,૧૬,૮૯૧–૮૦ પૈસા વસૂલ મેળવવા માટે દાવો.

**વાદી તરફે વિ.વ.શ્રી ડી.સી.ચુડાસમા**
**પ્રતિવાદી તરફે ગેરહાજર**

**–: ઠ રા વ :–**

(૧) વાદીના દાવાની હકીકત ટૂંકમાં એવી છે કે, સદર વીજ કંપની કાયદાથી રચાયેલ રજીસ્ટર્ડ સંસ્થા છે. વાદી કંપની તેની તાબા તળેના નિર્દિષ્ટ વિસ્તારમાં વીજળીનું વિતરણ તથા વીજ પુરવઠો પુરો પાડવા સહીતનું વીજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે અને વાદી કંપનીની સુગમતા માટે વાદી કંપનીની તાબા તળેના નકકી કરેલ વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ સર્કલ ઓફિસ, ડિવિઝન ઓફિસ, સબ ડિવિઝન ઓફિસ આવેલી છે. સદરહુ દાવામાં તેઓ ખારગેટ સબ ડિવિઝન ઓફિસનાં જવાબદાર સક્ષમ અધિકારી છે અને દાવાની સંપૂર્ણ હકીકતોથી માહિતગાર છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી. આ કામનાં પ્રતિવાદીના સ્થળે વાદી કંપનીના ચેકીગ સ્કવોડ ઘ્વારા **તા.૦૮/૧૦/૨૦૧૫** ના રોજ ચેકીગ કરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનનાં પોલ ઉપર વાયરથી ડાયરેકટ જોડાણ કરી બિનઅધિકૃત વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદી વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને નિયમ મુજબ **રૂા.૧,૦૭,૨૪૦–૧૮** પૈસાનું બીલ મોકલવામાં આવેલ તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જનાં **રૂા.૯,૬૫૧–૬૨** પૈસા મળી કુલ **રૂા.૧,૧૬,૮૯૧–૮૦** પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે. તે હકીકતે બાકી લેણી રકમ **રૂા.૧,૧૬,૮૯૧–૮૦** પૈસા વસુલ મેળવવા વાદીએ હાલનો દાવો કરેલ છે અને વાદીને દર વર્ષે દર સેંકડે વીજ વપરાશ વગેરેની બાકી રહેતી રકમ પર ૧૮% લેખે અથવા તો રાષ્ટ્રીયકૃત બેન્ક ધીરાણ પર જે વ્યાજ વસુલ કરે તે બે માંથી જે વધુ હોય તે મુજબ વ્યાજની માંગણી કરેલ છે અને બાકી લેણી રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતમાંથી વાદી વસુલ લઈ શકે તેવું હુકમનામું વાદીના લાભમાં કરી આપવા તેમજ દાવાનો તમામ ખર્ચ તથા દાવા તારીખથી વાદીની લેણી રકમ વસુલ થતા સુધી ૧૮% લેખે વ્યાજ અપાવવા અરજ

કરેલ છે.

(૨) સદર દાવાનો આંક–૫ નો સમન્સ ધારાસર બજી ગયા બાદ કોર્ટ સમક્ષ પ્રતિવાદી પોતે કે તેમના કોઈ પ્રતિનિધિ – વકીલશ્રી હાજર થયેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ નહી આવતા વાદીનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત દાવાનાં કામે આંક–૬ થી નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

1. Whether the Plaintiff proves that defendant has by illeglly consuming the electricity, committed theft of electricity as alleged in the plaint ?
2. Whether the Plaintiff company proves that it is entitled to recover Rs.1,16,891-80 from the defendant?
3. What is the rate of interest ?
4. What is final order ?

(૪) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં
૨. અંશતઃ હકારમાં
૩. ૬ % લેખે
૪. આખરી હુકમ અને હુકમનામા મુજબ

(૫) આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>

| સાહેદ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | સાહેદ સુરેશભાઈ બચુભાઈ વાઘમશી |

દસ્તાવેજી પુરાવો :–

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | પ્રફોર્મા નં.૧૨ |
| ૨ | ૧૧ | તપાસણી અહેવાલ |
| ૩ | ૧૨ | રોજકામ |
| ૪ | ૧૩ | એનેક્ષર–૪ |
| ૫ | ૧૪ | એસેસમેન્ટ રીપોર્ટ |
| ૬ | ૧૫ | એ.બી.સી.ડી. ફોર્મુલાથી ગણતરી |
| ૭ | ૧૬ | એનેક્ષર–૧૧ |
| ૮ | ૧૭ | વીજ ચોરીનું પુરવણી બીલ |
| ૯ | ૧૮ | કન્ઝયુમર જનરલ લેજર શીટ |
| ૧૦ | ૧૯ | પુરવણી બીલ રીવાઈઝ બીલ |
| ૧૧ | ૨૦ | બાકી બીલના નાણા ભરવા નોટીસ |
| ૧૨ | ૨૧ | નોટીસ બજી ગયાની પોસ્ટની પહોંચ |
| ૧૩ | ૨૨ | લીગલ નોટીસ |

આ સિવાય વાદી તરફે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે આંક–૨૩ થી કલોઝીગ પુરસીસ રજુ થયેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો, પુરતી તક આપવા છતાં રજુ કરેલ નથી.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર ૧ થી ૩ :–**

(૭) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવા સારુ તમામ

મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૮) આ કામના વાદી તરફે વાદી કંપનીના નાયબ ઈજનેરશ્રી સુરેશભાઈ બચુભાઈ વાઘમશીએ અદાલત રુબરુ સીપીસી ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબ પુરાવારૂપી સોગંદનામુ આંક–૭ થી રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી. આ કામનાં પ્રતિવાદીના સ્થળે વાદી કંપનીના ચેકીગ સ્કવોડ ઘ્વારા **તા.૦૮/૧૦/૨૦૧૫** ના રોજ ચેકીગ કરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનનાં પોલ ઉપર વાયરથી ડાયરેકટ જોડાણ કરી બિનઅધિકૃત વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદી વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને નિયમ મુજબ **રૂા.૧,૦૭,૨૪૦–૧૮** પૈસાનું બીલ મોકલવામાં આવેલ તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જનાં **રૂા.૯,૬૫૧–૬૨** પૈસા મળી કુલ **રૂા.૧,૧૬,૮૯૧–૮૦** પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રકમ નીકળતી હોવાનું જણાવેલ છે. પ્રતિવાદીને ધારાસર સમન્સ બજી ગયા બાદ તેઓ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી જેથી તેમની સામે એકતરફી કામ આગળ ચલાવવામાં આવેલ છે. આમ, પ્રતિવાદી પોતે કે તેમના પ્રતિનિધિ – વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે દાવાનો ઈન્કાર કરેલ નથી. આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો આંક–૧૦ થી ૨૨ સુધીના પુરાવામાં રજુ રાખેલ છે અને દાવા મુજબ દાદ માંગેલ છે. આમ વાદીના સાહેદે વાદીના દાવાને સમર્થન આપેલ છે. આ સાહેદની જુબાનીને પ્રતિવાદીએ કોર્ટમાં હાજર રહી પડકારેલ નથી કે તેઓની કોઈ ઉલટ તપાસ કરેલ નથી. આથી આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૯) આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ ધારાસર બજી જતા કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ આપેલ નથી કે જવાબ આપેલ ન હોય તેમની સામે દાવો એકતરફી આગળ ચલાવવામાં આવેલ ત્યારબાદ પ્રતિવાદીએ કોર્ટ સમક્ષ હાજર થઈ વાદીના દાવાને કે દસ્તાવેજોને પડકારેલ નથી તેમજ અદાલતમાં કેસ ચલાવતા સમયે પ્રતિવાદીનો પોકાર કરવા છતાં વાદીના સાહેદની ઉલટ તપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. જેથી વાદીની હકીકતો નહી માનવા માટે કોઈ કારણ નથી. તે રીતે વાદી આ કામના પ્રતિવાદી પાસે તેના **રૂા.૧,૦૭,૨૪૦–૧૮** પૈસા લેણા થતા હોવાનું પુરવાર કરવામાં સફળ થતા હોવાનું જણાય છે અને તેથી મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં અને મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવું છું.

(૧૦) ઉપરોકત હકીકતો જોતા વાદી પ્રતિવાદી પાસેથી બીલની રકમ તથા વિલંબીત ચાર્જની રકમ મેળવવા હકકદાર થાય છે. પરંતુ વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખ થી તે વસુલ થતા સુધી ૧૮% ના વ્યાજની માંગણી કરેલી છે. પરંતુ પ્રવર્તમાન વ્યાજના દરો જોતા વાદીને દાવાની તારીખથી લેણી રકમ **રૂા.૧,૦૭,૨૪૦–૧૮** પૈસા પર વાર્ષિક ૬ % (છ ટકા) લેખે સાદુ વ્યાજ સદર લેણી રકમ વસુલ થતા સુધી અપાવવું જોઈએ તેમ મારુ માનવું છે. આ સંજોગોમાં વાદી પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષની રજુઆત ગ્રાહય રાખી ન્યાયના હિતમાં મુદ્દા નંબર–૩ નો જવાબ તે મુજબ આપી, મુદ્દા–૪ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની લેણી નીકળતી રકમ **રૂા.૧,૦૭,૨૪૦–૧૮** પૈસા (અંકે રૂપિયા એક લાખ સાત હજાર બસ્સો ચાલીશ અને અઢાર પૈસા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬% (છ ટકા) ના વ્યાજ સાથે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલ્કતથી વસુલ મેળવી

શકે તેવું વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમનામું કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો, જયારે પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

:: હુકમ આજ તા.૨૫, માહે જાન્યુઆરી, સને ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તા.૨૫/૦૧/૨૦૧૯

(એમ.જે.પરાશર)
ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિકટ જજ,
ભાવનગર
કોડ નં.જીજે૦૦૪૬૩

*-ynk*